સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૧ / શુમારો : ૩ | بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ | કુલ પાના - ૧૨

# الهادي
THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

**નાશિર** : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. **તા. ૧ રબીઉલ અવ્વલ ૧૪૨૯ હી., ૭-૩-૨૦૦૮**

## -::: ઈફ્તેતાહીયાહ :::-

### -::: મુમિનનો શરફ :::-

મૌલાના ઈમામ મોઈઝ (અ.સ.) ના દૌરે ઈમામતના ચીફ જસ્ટીસ સૈયેદના અલ-કાઝી નોઅમાન બિન મોહંમદ (આ.કુ.) બયાન ફરમાવે છે કે, આપ આપના આકા ઈમામ મોઈઝ (અ.સ.) ની સોહબતમાં હતા. લોગો આપના કલામ મુબારક સાંભલવા આવા હતા અને એક અઝીમ મજલિસ આરાસ્તા હતી. આપે આપના કલામને દૌરાન મસ્જિદનો એહતેરામ, તેની ફઝીલત, અદબ અને તૌકીર કેવી છે તેની લંબાનથી ઝિક્ર ફરમાવી. જે વક્ત આપના કલામ ખત્મ થયા તો આપે એક ઈશારો કીધો અને ફરમાવું કે, એક ઝમાનમાં એક મરદ મસ્જિદમાં દાખિલ થયો અને એ એની સવારી-જાનવર-ચોપાયા પર બેસેલો હતો. આપે ફરમાવું કે, આ શખ્સનું આ મુજબ કરવું ઘણું નાદુરૂસ્ત અને નારવા હતું કે, તેએ અલ્લાહની ઈબાદત કરવાની પાકો સાફ મુકદસ જગાની બેહુરમતી કીધી. આપ મૌલાએ દોબારહ મસ્જિદની તાઅલીમ અને તાઅઝીમ કરવા વાસ્તે લોગોને હિદાયત આપી. તે બાદ મુમિન બંદાની તાઅરીફ, સિફતો સના ફરમાવી કે, **મુમિનનો દરજો અને શરફ તો મસ્જિદ કરતા ઝિયાદહ અશરફ અને અફઝલ છે.**

આપ મૌલાએ આપના આ કલામને સાબિત કરવા વાસ્તે સૈયેદુલ અંબિયા રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના કૌલે નબવી ને લફઝન-લફઝન હરફન-હરફન નકલ કીધા અને ફરમાવું કે, એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) કાઅબતુલ્લાહના હરમ શરીફમાં અસ્હાબ સાથે બેસેલા હતા. આપે કાઅબતુલ્લાહ તરફ નિગાહ કરીને ફરમાવું કે, વલ્લાહ, આ ઘરની અઝમત-ઈઝઝત અલ્લાહને નઝદીક ઘણી ઝિયાદહ છે. પણ તમેં જાણો કે, આ ઘરથી ઝિયાદહ અઝીમ જે અલ્લાહતઆલાને નઝદીક છે તેથી હું બાખૂબી ખબરદાર છું. અસ્હાબો એ આપના આ કલામ પર તઅજ્જુબનો ઈઝહાર કીધો અને પૂછ્યું કે, અય અલ્લાહના નબી ! તે શું ચીઝ છે ? આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, **"તે મુમિન છે."** સબબ કે મુમિનનું દિલ એક ઝિંદા કાઅબતુલ્લાહને મુજબ છે જે દિલમાં અલ્લાહ અને એના નબીની માઅરેફતનું ખૂન દોડે છે. મુમિનના દિલોમાં ઈમાનની વિલાદત (જનમ) થાય છે જે ઈમાનની ઝિંદગીનો આધાર મૌલાના અલી (અ.સ.) ની વલાયત અને અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત પર હોય છે. આ માઅરેફતના સબબ મુમિનનો દરજો કાઅબતુલ્લાહ કરતા અઝીમ છે. મુમિનનો શરફ એ પણ છે કે, અલ્લાહતઆલાએ મુમિનના ખૂનને અને માલને હરામ કીધો છે અને લોગોને મુમિનની બદગુમાની, બેહુરમતી, બેઈઝઝતી, બદસુલૂકીથી રોકેલા છે.

જો હમેં ખુદની ઝાતને મુમિન સમઝતા હોઈએ તો તેની અવ્વલ શરત અલ્લાહની તૌહીદને કુબૂલ કરવું છે. જે શખ્સ અલ્લાહની તૌહીદનો ઈકરાર કરે તો તેમાં અવ્વલ શરત ઈબાદતની પાબંદી અને જે જગા પર ઈબાદત થાતી હોય તે જગાની હુરમતને સાચવવું છે. આજે લોગો નમાઝ પઢવા તો આવે છે મગર એમને મસ્જિદના યા નમાઝના આદાબનો કોઈ પાસ હોતો નથી. **જે બદી ઉપર આજે લોગો સવાર થઇ રહ્યા છે તેને વાસ્તે ફિકર કરવી, તેને મીટાવવા કોશિશ કરવી અને લોગોને સહી ચીઝથી વાકિફ કરાવવા ઝરૂરી થઇ ગયું છે.** લોગો નમાઝ પઢવા પેન્ટ-શર્ટમાં આવે છે, મોબાઈલ ઓન રાખીને આવે છે, દોઆ પઢાતી હોય તે વક્ત દુનિયાની વાતો કરે છે, નમાઝમાં ઝોરથી દોઆ-તસ્બીહ પઢે છે, વગૈરા, વગૈરા.

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**કરામત જોઈતી હોય તો નરમ લેહજામાં વાતચીત કરવી જોઈએ.**

## -::: રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) નો દિલચસ્પ મોઅજિઝો :::-

### -::: એક ફરમાઁબરદાર દરખ્ત :::-

મૌલાના અલી સાહબે ઝુલફિકાર (અ.સ.), રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) સાથે આપના સાયા મુબારકા જેમ રહેતા હતા. આપ, નબીએ અકરમની તમામ આદતો, સીરત અને ખસલતોથી બરાબર વાકિફ હતા. એક વક્ત આપ (અ.સ.) રસૂલે મકબૂલને નઝદીક બેસા હતા, તો શયતાનના રણકારની આવાઝ સાંભલી અને તે જ વક્ત આપ (સ.અ.વ.વ.) ઉપર વહ્યે ઈલાહી નાઝિલ થઈ. આપે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને પૂછું કે, આ રણકાર શા વાસ્તે છે ? તો આપે જવાબમાં કહ્યું કે, આ શયતાન આપની ઈબાદતથી નાઉમ્મીદ થઇ ગયો છે. આ રણકાર આપ પણ સાંભલો છો અન હું પણ સાંભલું છું અને જેને આપ જુઓ છો તેને હું પણ જોવ છું. **પણ અય અલી, તમેં નબી નથી લેકિન તમેં મારા વઝીર છો અને બેશક તમેં બેહતરીની રાહ પર છો.**

મૌલાના અલી (અ.સ.) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) નો એક વાકેઓ સંભલાવે છે કે, નબીએ અકરમ સાથે હું બેસો હતો તે વક્ત કુરૈશ લોગોની એક જમાઅત આવી અને કહેવા લાગી કે, અય મોહંમદ, બેશક આપ એ ચીઝનો મોટો દાઅવો કરો છો જે, તમારા બાવાજીઓ માંથી કોઇએ કીધો નથી અને તમારા ઘરાનામાંથી પણ એવી કોઇ વાત થઇ નથી. તો હમેં તમને એવી વાતનો સવાલ કરીએ છીએ કે, તમેં એનો હમને જવાબ આપો અને હમેં જે ચાહીએ છીએ તે બતાવો તો જ હમેં માનીએ કે, તમેં સાચા રસૂલ છો અને અલ્લાહની વહ્ય તમારા ઉપર ઉતરે છે. તમેં જો આ નહીં કરો તો હમને લાગશે કે, તમેં જૂઠા-જાદૂગર છો.

આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તમેં લોગો શું પૂછવા ચાહો છો ? તેઓએ કહ્યું કે, તમેં આ દરખ્તને પુકારો કે તે તેના જડ સાથે ઉખડી જાય અને તમારા સામે આવીને ઉભું રહે. આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, બેશક અલ્લાહતઆલા હર ચીઝ ઉપર કાદિર છે. શું અલ્લાહતઆલા તમારા વાસ્તે એ મુજબ કરે તો તમેં ઈમાન લાવશો ? હક્કની શહાદત દેશો ? એ લોગોએ જવાબ આપો કે, ઝરૂર, જી હાઁ. આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, બેશક હું તમને એ ચીઝ બતાવીશ જે તમેં તલબ કરો છો. હું એ પણ જાણું છું કે, તમેં ખૈરની તરફ હરગિઝ નહીં વલો કેમકે તમારા દરમિયાન એવા લોગો છે જે બદરની લડાઈમાં આઝાદ છોડી દેવામાં આવા હતા અને એવા પણ લોગો છે જે ખંદકની જંગના વક્ત ટોલાઓમાં જમા થઇ ગયા હતા.

તે બાદ આપે (સ.અ.વ.વ.) તે દરખ્ત તરફ પુકાર કીધી અને કહ્યું કે, **"અગર તું અલ્લાહ અને યૌમે આખિર પર ઇમાન લાવું હોય અને તું જાણતું હોય કે, મેં અલ્લાહનો રસૂલ છું તો તારી જડમાંથી ઉખડ અને અલ્લાહની ઇજાઝતથી મારા સામે આવીને ઊભું થઇ જા."** મૌ.અલી (અ.સ.) કહે છે કે, કસમ છે તે ઝાતની કે જેએ હક્કને સાથે આપને રસૂલ મબઊસ કીધા તે શજર-ઝાડ ઝમીનમાંથી ઉખડું અને ફૌરન મોટા અવાઝ સાથે ડાલાઓને ફડફડાવીને આપના તરફ આવું એક પરિંદા મુજબ કે જે પોતાની પાંખો ફેલાવીને ઝમીન પર ઊભું રહે છે. તે દરખ્તે તેની ઊંચી ડાલીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર ફીરાવી અને ચંદ નાની ડાલીઓને મારા સર પર ફીરાવી. પછી આપ (અ.સ.) ફરમાવે છે કે, તે કૌમ આ જોઇને અજબ કરવા લાગી અને ઈમ્તેહાન લેવા પાછો એક મુતાલેબો કીધો. તેઓ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને તકબ્બુરી સાથે કહેવા લાગા કે, આપ હવે આ દરખ્તને હુકમ કરો કે, અડધું યહાઁ પર રહે અને અડધું પોતાની અસ્લી જગા પર ચાલું જાય. આપે ફરમાન કીધું તો તે દરખ્તમાં ફાટ પડી અને અજીબો ગરીબ શિકલમાં અડધું થઇ તેમાંથી એક ટુકડો આપને નઝદીક રહ્યો અને બીજો તેની અસ્લી જગા પર જઇને ઊભો રહ્યો.

અનકરીબ કે તે આવીને રસૂલુલ્લાહ બાવાજીને ઘેરી લે પણ તે જમાઅત કુફ્ર-ઈન્કાર પર સાબિત રહી અને એમ કહેવા લાગી કે, આ ઝાડના અડધા હિસ્સાને હુકમ કરો કે, તે તેના બીજા અડધા હિસ્સાને જઇને મીલી જાય. આપે (સ.અ.વ.વ.) તે દરખ્તને હુકમ કીધો તો તે દરખ્ત એની અસલી હાલતમાં થઇ ગયું.

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**હિકમત, શરીફ લોગોને ઝિયાદહ શરાફત બખ્શે છે.**

(પેજ નં. ૧ નું બાકી) ***ઈફ્તેતાહીયાહ .........***

નમાઝ તો અલ્લાહથી કરીબ થવાનો એક બેહતરીન અમલ છે, સૈયેદુલ આઅમાલ છે, **તમારા દીનનું મોં છે.** કોઈ એમ ચાહે કે, પોતાના મોંને બીગાડે ? નમાઝતો પૂરેપૂરી દોઆ જ છે અને તમેં દોઆ કરો તો સમઝી લો કે, તમેં અલ્લાહ સાથે ગુફતગૂ કરી રહ્યા છો. હવે એવી જગા જ્યાં તમેં તમારા ખાલિક-પાલનહાર સાથે વાતચીત કરી રહ્યા હોવ તો તે જગા કેવી નૂરાની, સુકૂનવાલી, ઈત્મેનાન-બખ્શ હોવી જોઈએ ! મુમેનીન, હમારા અલીએ આઅલાનો તે કૌલ ઝરૂર યાદ રાખો કે, જે શખ્સ મસ્જિદમાં દુનિયાની વાતો કરશે એ હરગિઝ જન્નતમાં મારા સાથે નહીં થાય. આ હકીકત જાણા પછી હર કોઈ અહલે ઈમાન પર લાઝિમ છે કે, તે મસ્જિદની અદબોનું પાલન કરે અને નમાઝને દિલની હાઝરી તેમજ બધા અરકાનની અદાયેગી સાથે પઢે.

**રબ્બુસ્સમા સે હોતી હૈ કુરબત નમાઝ મેં, અફલાક સે બરસતી હૈ રેહમત નમાઝ મેં.**
**હોતા હૈ બંદા ખાલિકે કૌનેન સે કરીબ, કરતા હૈ બંદા જિસ ઘડી સજદા નમાઝ મેં.**
**પઢતે રહો નમાઝ હમેશા અય મુમિનોં, ઈસ્લામ મેં ન આઈ હૈ રૂખ્સત નમાઝ મેં.**
**સચ યે હૈ હુવા કરતી હૈ હર ચીઝ કી સૂરત, બનતી હૈ ખૂબ દીન કી સૂરત નમાઝ મેં.**
**દુનિયા કી બાતેં કરકે કોઈ ફાયદા નહીં, હોજાએગી અલ્લાહ સે ફુરકત નમાઝ મેં.**
**જાઈઝ નહીં નમાઝ તહારત અગર નહીં, વાજિબ હૈ કરલો પહેલે તહારત નમાઝ મેં.**
**હોતી હૈ બોઝ ઉન પે જો પઢતેં નહીં નમાઝ, ખૌફે ખુદા હો દિલ મેં તો રાહત નમાઝ મેં.**
**પઢતે હૈ પાઁચ ફર્ઝ હમેશા નમાઝ જો, પૂછો તો ઉન સે કૈસી હૈ લઝ્ઝત નમાઝ મેં.**
**કરતી હૈ ફર્ક મુમિનો કાફિર કે દરમિયાઁ, હૈ કુફ્ર જહન્નમ તો હૈ જન્નત નમાઝ મેં.**
**જુબ્બા ઈઝાર પહેન કે આઓ એય દોસ્તો, ફિર દેખો કૈસી બઢતી હૈ બરકત નમાઝ મેં.**
**મોબાઈલ કા બજના ભી હૈ શયતાન કા અમલ, બન જાએગા મોબાઈલ હી આફત નમાઝ મેં.**
**સમઝાઓ સમઝે ક્યા કોઈ હુરમત નમાઝ કી, મિલતી હૈ દો જહાઁ કી સઆદત નમાઝ મેં.**
**મુમિન કે સબ અમલ હૈ ઈબાદત મેં હી શુમાર, દુનિયા સે ઉસકી હોતી હૈ રહેલત નમાઝ મેં.**
**મોહતાજ હૈ કિસ ચીઝ કા તું અન્વરે હઝીં, લુટતી હૈ દેખ દૌલતો ઈઝ્ઝત નમાઝ મેં.** ★

---

(પેજ નં. ૨ નું બાકી) ***એક ફરમાઁબરદાર દરખ્ત .........***

અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, "**લા ઇલાહા ઇલ્લલ્લાહ, યા રસૂલુલ્લાહ, હું આપ પર પહેલો ઇમાન લાવનાર છું અને હું પહેલો જ છું જે ઇકરાર કરૂં છું કે, બેશક જે દરખ્તે આપનો હુકમ ઉચકો તે અલ્લાહના હુકમ મુજબ હતો. તેનો અમલ આપની નુબૂવતની તસ્દીક-સચ્ચાઇને ખાતિર અને આપના કલામની જલાલતને ખાતિર હતો.**" તે બાદ એ જમાઅતના તમામે કહ્યું કે, "આ જાદુગર છે, જૂઠ્ઠા છે કે એના આ અમલમાં સચ્ચાઈ ઓછી છે અને અજીબ જાદુ છે." મૌલાના અલીને જોઈને કહેવા લાગા કે, "શું આ બનાવટમાં આના સિવાય કોણ બીજું આ મોહંમદની તસ્દીક કરે, એનો સાથ આપે ?"

આ તરહના વાકેઆત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનામાં ઘણા ગુઝરા છે. જેમાં કુફ્ફાર લોગોએ આપ ઉપર ઈલ્ઝામ-બોહતાન લગાવેલા છે અને આપની બેઈઝ્ઝત કરવામાં કોઈ કસર બાકી રાખી નથી. રસૂલુલ્લાહ બાવાજીના હાથ પર મોઅજિઝો જોયા બાદ પણ એ લોગોએ આપની દાઅવતનો અને રિસાલતનો ઈન્કાર જ કીધો. તેઓ કુફ્ર અને ગુમ્રાહીની હાલતમાં જ આ દુનિયાથી હલાક થયા.

**" તોઇઝ્ઝો મન તશાઓ વ તોઝિલ્લો મન તશાઓ. "** ★

**યતીમના માલની હિફાઝત કરવી જોઈએ અને એ ઝિયાદહ કેમ થાય એની કોશિશ કરવી જોઈએ. ઈજાઝત બગૈર યતીમના માલને ઈસ્તેઅમાલ ન કરવો જોઈએ. બલ્કે તે માલને પૂરી ઈમાનદારીથી તેના હક્કદારને સોંપી દેવો જોઈએ.**

**બીજાના ઐબ જોવાની આદત રાખશો તો તમેં ખુદ ઐબદાર બની જાશો.**

## -::: મહેલ અને બગીચો :::-

બુસ્તાને દાઅવતમાં દોઆતે મુત્લકીન (આ.કુ.) ના સિલસિલાના ૨૭ માં બાગબાન, નિગેહબાન અને મુહાફિઝ સૈયેદના બુરહાનુદ્દીન દાઊદજી બિન કુતુબશાહ (ક.રૂ.) નો ઝમાનો અહમદાબાદમાં તકલીફો, આફતો અને જૌરો જફાનો હતો. એક તરફ સુલૈમાન બિન હસનના દાઅવાનો ઝખ્મ તાઝા હતો અને બીજી તરફ મુગલ હુકૂમત તરફથી પરૈશાની વધતી જાતી હતી અને આ હંગામમાં અહમદાબાદમાં મુમેનીનનું રહેવું દુશ્વાર બની ગયું હતું.

આ ઈમ્તેહાન અને પુરખતર અરસામાં આપ સૈયેદનાના નઝદીક મુમેનીનના જાનો માલની હિફાઝત અને સલામતી સિવાય બીજી કોઈ ચીઝ અહમ ન હતી. લેહાઝા આપ મૌલા એ ઈરાદો કીધો કે, મુમેનીનની પરૈશાની દૂર થાય તે વાસ્તે આપ ખુદ બાદશાહના દરબારમાં અમન-સલામતીની અરઝ લઈને જાય અને અહમદાબાદમાં મુમેનીનના હાલાતથી બાદશાહને વાકિફ કરે. થોડા જ અય્યામમાં આપ આપના હુદૂદ સાથે મુગલ શહેનશાહ અકબરની મુલાકાત વાસ્તે લાહોર અને કાશ્મીર પધારા. આ લંબો ફાસલો આપ મૌલાએ ૬ મહીનામાં ઊંટ-ગાડામાં સફર કરીને પૂરો કીધો અને આપે પૂરી ફાતેમી શાનો શૌકત, અલવી જાહો હશમ સાથે કાશ્મીરમાં બાદશાહ સલામત સાથે મુલાકાત કીધી અને આપ મૌલાનો ગરમજોશી સાથે ઈઝઝતો કરામત બખ્શીને ઈસ્તિકબાલ કરવામાં આવો.

બાદશાહ, આપ મૌલાનો રોઅબો જલાલ, લિબાસ, પાઘડી અને હુદૂદની તરતીબ જોઈને હૈરાન થઈ ગયા. જે વક્ત આપ મૌલાએ બધી હકીકત બયાન કીધી, સૂબએ ગુજરાતમાં અહલે બવાહિર પર ઝુલ્મો સિતમની કૈફીયતનો મન્ઝર બતાવો અને અમનો સલામતીની મુખ્લેસાના અને મુઅદ્દેબાના અરઝ પૈશ કીધી તો આપના કલામ સાંભલીને તમામ લાકલામ અને આજિઝુલ બયાન થઈ ગયા. અકબર બાદશાહ અને એમના દરબારીઓના તઅજ્જુબની કોઈ ઈન્તેહા ન રહી જે વક્ત આપ મૌલાએ અહમદાબાદથી કાશ્મીરની સફરની કૈફીયત અને મહેનતો મશક્કતની બયાની કીધી.

તમામ ચીઝથી વાકિફ થયા બાદ અકબર બાદશાહે બોહરા કૌમના મુમેનીન વાસ્તે અમનનું ફરમાન જારી કીધું અને અહમદાબાદના એના આમિલ તરફ રવાના કીધું અને ભરોસો અપાવો કે, **"આઇંદા આપના મુમેનીન પર હુકૂમત તરફથી ઝુલ્મો તશદ્દુદ નહીં થાય અને ગૈર તરીકાથી અપની કૌમને પરૈશાન કરવામાં નહીં આવે."**

ગુફતગૂના આખિરમાં જે વક્ત પૂરો દરબાર આરાસ્તા હતો તે વક્ત બાદશાહે આપ મૌલાને પૂછ્યું કે, આપની દાઢીથી આપનો ચહેરો ખીલેલો લાગે છે અને એ જ મુજબ આપના હુદૂદો પણ છે. તમારી દાઢીની આ ખૂબસૂરતીને તમેં બિલકુલ બરાબર સાચવેલી છે. સૈયેદના સાહબે જવાબમાં કહ્યું કે, અય બાદશાહ, આપ આ આલીશાન મહેલ રાખો છો, જે મહેલને નઝદીક એક ખૂબસૂરત બગીચો છે. જે બગીચામાં ઘણા બધા દરખ્તો છે; જે બગીચાની રૌનકને ઔર વધારે છે. શું કામ કે તે દરખ્તોની લીલકના સબબ બગીચો હરેલો-ભરેલો લાગે છે ! હવે જો મહેલને આગલ દિલકશ બગીચો ન હોય તો મહેલની ઝીનતમાં ઓછપ આવી જાય, મહેલનો દબદબો ફીકો પડી જાય. તો અય બાદશાહ સલામત, **હમારો ચહેરો હમારા વાસ્તે બગીચાની જેમ છે જે મુજબ હમારૂં જિસ્મ એક મહેલ મુજબ છે.** ઊંચા લીલા ઝાડો જેમ બગીચાને ઝીનત બખ્શે છે તેમ હમારી લહ્ય-દાઢી હમારા ચહેરાને નૂરાનીદાર કરે છે. આ હમારો દાઢીથી હરેલો - ભરેલો ચહેરો હમારા જિસ્મના રોઅબો જલાલમાં ઈઝાફો કરે છે. નાપાક જગા ઉપર નાપાકી ઉગે છે મગર અલ્લાહતઆલાએ હમારી ફિતરત - તીનત - આદત - અખ્લાક - સીરત - સૂરત પાકીઝા કીધેલી છે લેહાઝા આ લેહલહાતી દાઢીની નેઅમત હમારા ચહેરા પર ન હોય તો પછી કોણા ચહેરા પર હોય ?

અકબર બાદશાહના મહેલમાં હમારા આકા-મૌલાના આ મુજબના કલામ હમને નસીહત લેવા પર રગબત અપાવે છે, નૈક સૂરત અપનાવવા પર હમને દાઅવત કરે છે. અય મુમેનીન, હમેં પણ અંબિયાની સૂરત

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**કર્ઝની ફિકર કરતા કોઈ બીજી ફિકર તકલીફદેહ નથી.**

## -::: અખ્બારે દોઆતે મુત્લકીન :::-

### (૧૯માં દાઈએ મુત્લક) સૈયેદના અબ્દુલ્લાહ ફખરૂદ્દીન બિન અલી બિન સૈ. મોહંમદ(ક.રૂ.)

સૈયેદના અબ્બાસ (ક.રૂ.) ના પુરસૌઝ ઈન્તેકાલ બાદ સૈયેદના અબ્દુલ્લાહ સાહબે દાઅવતે તાહેરાહની બાગડૌરને સંભાલી. આપના ઝમાનમાં મુમિન-મુમિનને દરમિયાન કીનો અને નાઈત્તેફાકી ઘર કરી ગઈ હતી તેથી બુનિયાદી ઝરૂરત દિલોમાં મોહબ્બત પૈદા કરવાની હતી. આપે મજલિસ આરાસ્તા કરીને મુમેનીનને સમઝાવીને અમર કીધો કે, મુમિન, મુમિનનો ભાઈ છે અને એકના ઉપર લાઝિમ નથી કે બીજાને વાસ્તે ખરાબ સોચે, ખરાબ બોલે અને ખરાબ કરે. રસૂલેખુદા (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"મુમિનનાં દિલમાં ખુશી-સુરૂર દાખિલ કરવો તે કાઅબતુલ્લાહ કરતા પણ અઝીમ છે."** આપ મૌલા મુમેનીનને મોહબ્બત અને ઈખ્લાસથી ઝિંદગી બસર કરવાની તાકીદ કરતા રહ્યા અને મુમેનીને આપના કલામને લબ્બૈક કહીને આપની વાત અને નસીહતને વધાવી લીધી.

સૈયેદના અબ્બાસના ગમનો પુરસો દેવાના વાસ્તે આવનારાઓમાં સુલ્તાન યૂસુફ બિન અલી બિન સુલૈહી હતા જે આપના ખાસ યારી દેનાર બના. આ સાહબના બાવફા રવૈયાથી ઘણા મુમેનીન આપ મૌલાની ખિદમત અને મીસાકના દાએરામાં આવા અને આમ લોગો માંથી પણ કેટલાકે આપથી નઝદીકી હાસિલ કીધી. **આપ સખાવત અને ગરીબનવાઝીના દરિયા હતા. હિકમતના પહાડ તો ઇલ્મના સમંદર હતા.** મુમેનીન પર આપનો ફઝલ બેશુમાર હતો. આપના ઝુમ્રામાં આપના મદદગાર શૈખુલ અજલ અલી બિન અબ્દિલ્લાહિશ શેબાની હતા, જે સાહબે આપ મૌલાના મોટા ફરઝંદને દાઅવતના ઈલ્મથી સરફરાઝ કીધા.

મુમેનીનમાં એવી ચર્ચા થાતી હતી કે, સૈયેદના અબ્દુલમુત્તલિબ ૧૪ માં દાઈએ મુત્લકના ફરઝંદ સૈયેદી શૈખ અબુ તાલિબ સૈયેદના અબ્દુલ્લાહ પછી કાઈમ થાશે, સબબ કે, આપ ઈલ્મમાં, ફઝલમાં, તકવામાં, ઝોહદમાં અને હરએક ફનમાં માહિર હતા. મગર સૈયેદી હુસૈન બિન સૈ. અબ્દુલ્લાહે આના કરતા ઈલ્મો હિકમત અને દાઅવતના તમામ ઊમૂરમાં ઈન્તેહા દરજાની ફૌકીયત હાસિલ કરી લીધી હતી.

સૈયેદી હુસૈન દુનિયા સાથે રિશ્તો-નાતો કત્અ કરીને હર વકત ઈબાદતે ઈલ્મીયાહ અને ઈતાઅત ઈલાહીયાહમાં મસરૂફ રહેતા. આપે દીનો દુનિયાના તમામ ઈલ્મોને હાસિલ કીધેલા હતા. જેમાં (૧) ઈલ્મે ફલસફા, (૨) મન્તિક, (૩) હિકમત, (૪) ઈલ્મે લુગત, (૫) ઈલ્મે નેહવો સર્ફ, (૬) માઅના, (૭) બયાન-બલાગત, (૮) ઈલ્મે હદીસ, (૯) ઊસૂલ, (૧૦) ફિકહ, (૧૧) ફરાઇઝ, (૧૨) તફસીર-તન્ઝીલ, (૧૩) તાવીલ-હકાઈક, (૧૪) ફઝાઈલ-મનાકિબ, (૧૫) રદુલ મુઆનેદીન વ દફઉશ શોબોહાત, (૧૬) વુઝૂહુન્નઝાઈર, (૧૭) ગરાઈબુલ કુરઆન, (૧૮) તવારીખ-કિસસ, (૧૯) અમસાલ-મોતશાબેહાત, (૨૦) મવાઈઝ-બશારાત, (૨૧) નઝમુલ અલફાઝ વ તનાસેબુલ કલેમાત, (૨૨) કિરાતુલ કુરઆન, (૨૩) કમીયતુલ સોવરે વલ આયાતે વલ હોરૂફ (૨૪) રસમુલ ખત્ત, (૨૫) ખવાસિલ કુરઆન વ માઅરેફતે મઆનેએહી વ તાસીરાતેહિલ મખસૂસા બેહી. આપે કલીલ ઉમ્રમાં આ મુજબનું ઈલ્મ હાસિલ કરીને તમામ ઓલમા-શૈખો પર બરતરી હાસિલ કરી લીધી.

દુનિયામાં અદાવત મશહૂર છે. દુનિયાએ કોઈથી વફાદારી કીધી નથી, ખુદા તમામને એની રહેમતની પનાહમાં રાખે. દુનિયાની લાલચ અને અદાવતના સબબ એક દિન સૈયેદી હુસૈન અને એમના એક વફાદાર સાથીદારને દુશ્મનોએ ખજૂરમાં ઝહેર મીલાવીને ધોકાથી ખવડાવી દેતા આપ બેવે સાહેબોના જિગરના ટુકડે-ટુકડા થઈ ગયા. કોઈ ઈલાજ કારગર ન થાતા આપ ૨૮ ૨.અવ્વલ ના દિન દારે ફાની માંથી કૂચ કરી ગયા. મુમેનીનમાં કોહરામ પડી ગયો અને આપના બાવાજી અને માઁસાહેબાની હાલત બયાન કરતા કલમ ધ્રુજે છે મગર **ખુદાના દાઇએ સબર કીધા સિવાય ઝબાનથી એક કલામ પણ ન નીકાલો.** આપ મૌલાએ હ.ઈમામ હુસૈન (અ.સ.) એ જે મુજબ પોતાના નૂરે નઝર મૌ.અલી અકબર (અ.સ.) ની શહાદત પર સબર કીધો હતો, તે જ અમલને આપ મૌલાએ દોહરાવો. ગમે હુસૈન (અ.સ.) ની બરકતથી આપને સુકૂન હાસિલ થયું.

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**ઈમાનદારોના રસ્તા પરથી તકલીફોને દૂર કરો જેનાથી તમારી નૈકીઓ વધે.**

## -::: રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ની આપના લાડલા નવાસાને વસીયત :::-

સૈયેદુશ શોહદા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે, રહેમતુલ લિલ આલમીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મને ફરમાવું કે, અય મારા પ્યારા દીકરા,

(૧) તમેં તમારી **ચટાઇ પર સુજો**, ઝમીન ઉપર ચટાઈ પર ચિત્તા સુવવું તમારા પેટને પતલું કરશે યાઅની ચરબીને વધવા દેશે નહીં.

(૨) તમેં પાની પીવો તો આહિસ્તા-આહિસ્તા ચુસી-ચુસીને પીવો તો તમારૂં **જમન બરાબર હઝમ થાશે.** પાનીનું વાસન મૂઁહથી ઊંચું રાખીને પાનીને ગટગટાવવું એ અહલેબૈત (અ.સ.) ને માનનારની આદતોને ખિલાફ છે.

(૩) તમેં તમારી આઁખોમાં **સુરમો લગાવવાની આદત રાખજો** કેમ કે તેનાથી આઁખોમાં ઠંડક રહેશે અને રોશની ઝિયાદહ થાશે. તમેં વુઝૂના દૌરાન મૂઁહને ધોતા આઁખોમાં **પાનીની છાલક** મારતા ન ભૂલજો કેમકે તેથી આઁખોની બિમારી-ખરાબીથી નજાત મીલશે અને શિફા હાસિલ થાશે.

(૪) તમેં તમારા માથાને અને બદનને આંતરે બીજે **તેલથી માલિશ** કરતા રહેજો, તો તમારૂં બદન ચુસ્ત અને તરો તાઝા રહેશે.

(૫) તમેં પગોમાં **પાપોશ-જોડા નવા નવા પહેરજો**, તે ઐબદાર અને ફાટેલા ન હોવા જોઈએ. નવા-ચમકીલા જોડા મરદો વાસ્તે ઝાંઝરા છે-ઝીનત છે, જેમ બૈરો વાસ્તે પગોની પાયલ ઝીનત હોય છે.

(૬) તમેં પાઘડી-અમામો-ટોપી સાફ-સુથરી નવી પહેરજો કેમકે તે અરબ લોગોનો તાજ છે. પાઘડી પહેરવાથી **તમારા ચહેરાનો રોઅબ-ખૂબસૂરતી વધશે** અને મરદો વાસ્તે તે ઈઝઝતો એહતેરામની નિશાની છે.

(૭) તમેં ઘરમાં ગોશ્ત પકાવો તો તેમાં શૂરબો-સરવો ઝિયાદહ રાખજો. તમેં જમશો અને જો તમારો પડોશી ભૂખો હશે તો તે શૂરબા માંથી તેના જમનનો ઈન્તેઝામ થઈ શકશે. **શૂરબાને જમવું ગોશ્તને જમવા બરાબર છે.** તમેં પેટ ભરીને જમો અને તમારો પડોશી ખાલી પેટ રહે, એમ તમેં હરગિઝ ન કરજો.

(૮) તમેં અંગૂઠી-વીંટી પહેરો તો ચાંદીથી બનેલી યાકૂત યા અકીકની અંગૂઠી પહેરજો, એ તમારા વાસ્તે મુબારક છે, મયમૂન છે. જે વક્ત કોઈ અંગૂઠીમાં પોતાના ચહેરાને જોશે તો આંખોના નૂરમાં વધારો થાશે. આ સિફતની અંગૂઠી પહેરીને નમાઝ પઢવામાં **૭૦ નમાઝનો સવાબ છે.** તમેં તમારા જમના હાથની નાની આંગલીમાં જ અંગૂઠી પહેરજો કેમકે તે મારી સુન્નત છે. જે શખ્સ મારી આ વસીયત, નસીહત અને સુન્નતથી મૂઁહ ફીરાવશે, મારા કહ્યા મુજબ અમલ નહીં કરે તે શખ્સ મારા માંથી નથી, મારી ઉમ્મત માંથી નથી. તમેં હરગિઝ ડાબા હાથમાં અંગૂઠી ન પહેરજો અને યાકૂત તેમજ અકીક સિવાય બીજા કોઈ પત્થર યા નગીનાની અંગૂઠી ન પહેરજો.

ચાંદી સિવાય બીજી કોઈ ચીઝથી બનેલી અંગૂઠી મુમિન મરદથી ન પહેરાય. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની અંગૂઠીના નગીના પર **"મોહંમદુન રસૂલુલ્લાહ"** નો નક્શ હતો અને અલીએ આઅલા (અ.સ.) ની અંગૂઠીનો નક્શ **"અલીયુન યુઅમેનો બિલ્લાહ"** હતો. ઈમામ હસન (અ.સ.) ની અંગૂઠીનો નક્શ **"અલ-હક્કો મુઈન"** હતો અને ઈમામ હુસૈન (અ.સ.) ની અંગૂઠીનો નક્શ **"ઇન્નલ્લાહા બાલેગો અમરેહી"** હતો.

રસૂલે ખુદા હમારા આકા હુસૈનને હિકમતના આ કલામે મુફીદ ફરમાવે છે જેમાં આપ સુવવાની, પાની પીવાની, સુરમો લગાવવાની, પાપોશ અને પાઘડી પહેરવાની, ગોશ્ત પકાવવાની, અંગૂઠી પહેરવાની તાકીદ કરે છે, તાઅલીમ આપે છે, અદબો બતાવે છે. આ અદબો જાણીને મોહિબ્બાને અહલે બૈતે રસૂલ (અ.સ.) ઉપર યાઅની હમારા ઉપર લાઝિમ થઈ જાય છે કે, હમેં આ નબવી કલામને સીનાથી લગાવીને એની પૈરવી કરીએ. આ અખ્લાક, આદતો, સુન્નતો મુરસલીન-અંબિયા (સ.અ.) અપનાવી ગયા છે જેની તાઅલીમ હમને

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**ભલી વાત કહો તો ફાયદો થાય અને બુરી વાતથી પરહૈઝ કરો તો સલામત રહો.**

## -::: તારીખી નવાદેરાત - જંગે ખંદક :::-

મદીનાના લોગોએ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ફરમાનને સાંભલું કે અપને કુફ્ફારનો મુકાબલો કરવા જંગને વાસ્તે તમામ જમા થયા છે. તો આપના હુકમથી મદીનાના આસ-પાસ ખંદક ખોદવાનું શુરૂ કીધું અને આ અમલની શરૂઆત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પોતે કુહાડી મારીને કીધી જેથી તમામ મુસલમાનો ને રગબત થાય અને અલ્લાહતઆલા અજરે ખાસ આપે. આ કામમાં હઝરત અલી (અ.સ.) અને આપના સાથીદારો એવા હતા કે જેઓએ ઝિયાદહ મહેનત કીધી હતી. જે લોગો કાચી નિય્યતવાલા અને નિફાકવાલા હતા તેઓએ પોતાના કામમાં કુસૂર કીધો હતો, **તેઓની ઝબાન કંઇ અલગ હતી અને દિલ કંઇ અલગ હતું.**

ખંદક બનાવવામાં ઝમીનની સખ્તીના સબબ મુસલમાનોએ ઘણી મશક્કત કીધી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક આવીને આની શિકાયત કીધી, તો આપે (સ.અ.વ.વ.) એક વાસનમાં પાની મંગાવું. તે બાદ અલ્લાહતઆલાએ જે હુકમ કીધો એ મુજબ આપે દોઆ કીધી અને તે ખાડામાં પાની છીડકું. હઝરત જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) રિવાયત કરે છે કે, **જે વક્ત પાની છીડકવામાં આવું કે ફૌરન સખત ઝમીન નરમ થઇ ગઇ** અને તે બાદ કોઈ પણ કુહાડી કે પાવડો ઝમીનથી ટકરાઈને પાછો નહોતો આવતો. આ જંગના દૌરાન નોઅમાન બિન બશીરના બહેન હિકાયત કરે છે કે, મને મારા માઁએ બોલાવા અને એક તબક-થાલ ભરીને ખજૂર આપી અને કહ્યું કે, તમેં જાવ અને તમારા બાવાજી અને મામા અબ્દિલ્લાહ બિન રવાહા ને આ ચીઝ આપી દો. જે વક્ત હું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક થી ગુઝરી તો આપે ફરમાવું કે, જે તારા પાસે છે તે મારા નઝદીક લાવ. પછી મેં આપના ખોભલામાં બધી ખજૂર ધરી દીધી પણ એ ખોભલામાં ભરાયા નહિ, તો આપે એક ચાદર મંગાવી અને તેને ફેલાવી ત્યાર બાદ એના પર ખજૂર નાખી અને મુનાદીને હુકમ કીધો કે, જે લોગો ખંદક ખોદી રહ્યા છે એ તમામને પુકારે. તમામ હાઝર થયા અને મન ધરાયું ત્યાં તક ખજૂર જમા. આપનો એજાઝ એ થયો કે, જે વક્ત પણ એ લોગો જમતા હતા તો ખજૂરની મિકદાર ઝિયાદહ થઈ જાતી હતી, યહાઁ તક કે ચાદરના છેડા પરથી ખજૂર નીચે પડી જાતી હતી.

એક બીજો વાકેઓ જે જંગે ખંદકને દૌરાન બનો તે હઝરત જાબિર બિન અબ્દિલ્લાહિલ અનસારી બયાન કરે છે કે, મેં મારા બૈરોને બકરી ભૂનવાનું કહ્યું અને એને સાથે થોડું જમન પણ બનાવું. જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અલ્લાહની બારગાહમાં દોઆ કરીને પાછા ફીરા તો તમામ લોગો પણ આપને સાથે થયા અને આપે બકરીના ગોશ્ત અને જમનની દાઅવત વાસ્તે તમામને બોલાવા. આપે (સ.અ.વ.વ.) જમન પર બરકત બોલી અને અલ્લાહનું નામ લઈને જમા. બધા લોગો ગિરોહ દર ગિરોહ આવતા ગયા, યહાં તક કે એક ગિરોહ જમનથી ફારિગ થાય અને બીજા બેસે. આ મુજબ તમામ અહલે ખંદકના સિપાહીઓ સૈરાબ થયા, પેટ ભરીને જમા મગર જમનમાં કોઇ કમી ન થઈ.

હઝરત સલમાનુલ ફારસી (રિ.અ.) થી રિવાયત છે કે, મેં ખંદકના એક છેડા પર મારી કુહાડી મારી તો એ કુહાડી એક પત્થર પર વાગી અને એ પત્થર હટાવવાનું મુશ્કિલ હતું. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મારા નઝદીક જ હતા, જે વક્ત આપે મને પત્થર પર કુહાડી મારતા જોયા. આપ મારા નઝદીક આવા અને મારા હાથ માંથી કુહાડી લીધી અને ઝોરથી પત્થર પર મારી કે એક વીજલી જેવો ચમકારો થયો. તે પછી બીજી વક્ત મારી તો તે કુહાડી નીચેથી બીજી વક્ત વીજલીનો ચમકારો થયો અને તીસરી વક્ત મારી તો પણ એ જ મુજબ વીજલીની રોશની ચમકી. હઝરત સલમાનુલ ફારસી કહે છે કે, મારા માઁ-બાપ આપને પર ફિદા, યા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), આ હું શું જોઉં છું કે કુહાડી નીચેથી આ ચમક ઝાહિર થાય છે જેમ આપ આ પત્થર પર મારતા જાઓ છો ? આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અય સલમાન ! શું તમે ખરેખર જોયું ? સલમાન બોલા કે, જી હાઁ ! તો રસૂલુલ્લાહે (સ.અ.વ.વ.) ફરમાવું કે, વીજલીનો પહેલો ચમકારો જે નીકલો તેથી અલ્લાહની મુરાદ હમારા હાથ પર **યમનની સરઝમીન** ફતેહ કરવાની છે અને બીજો ચમકારો જે નીકલો તો બેશક અલ્લાહતઆલા હમારા હાથ પર **શામ અને મગરિબના મુલ્ક** ફતેહ કરાવશે અને વીજલીની તીસરી ચમક એ વાતની ખબરગોઈ છે કે, અલ્લાહતઆલા હમારા હાથ પર **મશરિકની સરઝમીનને** ફતેહ કરાવશે. ★

**તમારા બિમારોને સદકાના ઝરીએ શિફા બખ્શો.**

(પેજ નં. ૫ નું બાકી) **અખબારે દોઆતે મુત્લેકીન ....**

આ અલમનાક હાદેસા બાદ આપ મૌલાની તબીઅત પર અસર થઈ, બદનમાં નકાહત, કમ્ઝોરી અને ઝોઅફતના બાવુજૂદ આપે અય્યૂબી સબ્રનો મુઝાહેરો કીધો. ઘરના બૈરોને સબ્ર કરવાની તાકીદ કીધી. અલ્લાહતઆલા સબ્ર વાસ્તે ઔર આપનો ઈમ્તેહાન ચાહતો હોય એમ આપના ભાઈ મૌલાઈ ઈદરીસ અને સૈ. હુસૈન સાહબના ઉસ્તાઝ પણ ગુઝરી ગયા. મગર આપે તવક્કુલ સાથે અલ્લાહનું દામન પકડીને ખુદાની બારગાહમાં સબર અને શુક્ર સિવાય કોઈ શિકાયત ન કીધી.

આપને બીજા બે ફરઝંદ હતા જેના નામ મુત્તલિબ નજમુદ્દીન અને હસન મુત્તલિબ હતા. કબીર ફરઝંદ મુત્તલિબ જેહાદ-જંગો જેદાલના વઝીર બનાવાયા. સબબ કે, આપ જંગમાં માહિર હતા, દુશ્મનો પર હુમલો કઈ તરહથી કરવો અને તેના લશ્કરીઓને કઈ ચાલથી જાલમાં ફસાવીને શિકસ્ત આપવી એની હુશિયારી આપમાં હતી. સગીર ભાઈ હસન હરાઝ ઈલાકાના વાલી મુકર્રર થયા, એ વાસ્તે કે આપના મોટા ભાઈ સૈ. હુસૈનના ઈલ્મની વિરાસત આપને નસીબ થઈ હતી. થોડા વક્તમાં ઈનાયતે ઈલાહી થઈ અને હિ.૭૯૪ રજબમાં આપે હિસ્ને શિબામનો કિલો ફતેહ કીધો. મુમેનીને આ ફત્હે મુબીનને ઈદની ખુશી જેમ મનાવી. આ જ મુબારક અય્યામમાં આપને દીકરા ઈદરીસ તવલ્લુદ થયા. સૈયેદના અબ્દુલ્લાહના દરેક અમરનો તકીયો-એતેમાદ સૈ. હસન પર જ હતો. બેવે ભાઈઓ સૈ.હસન અને સૈ.મુત્તલિબ આપના બુઝુર્ગ બાવાજીની ખિદમતમાં હિસ્ને ઝમરમરમાં દારૂલ મસઊદ નામના મકાનમાં રહ્યા. **બેવે સાહબો એ સાથે રહીને સૈફ (તલવાર) અને કલમના ઝોર પર દાઅવત વાસ્તે ખૂબ જાઁફિશાની કીધી.** આ વક્તમાં સૈ. હસન બિમાર થયા તો આપની ગૈરહાઝરીમાં તાલિબે ઈલ્મોને કિતાબો પઢાવવા, મસ્જિદોમાં નમાઝ પઢાવનારને તય કરવા, દાઅવતના બાતિની કામકાજને સંભાલવા, મુમેનીને તસલ્લીબખ્શ જવાબ દેવાનું તમામ કામ શૈખ અલી બિન સૈ. મુત્તલિબને સોંપવામાં આવું.

સૈ.અબ્દુલ્લાહની દોઆએ બાઅસરથી સૈ.હસન સેહતમંદ થયા અને જે વક્ત સૈ.અબ્દુલ્લાહની રેહલતનો વક્ત કરીબ થયો તો આપ મૌલાએ હુદૂદ, ફોઝલા, મુમેનીનને દરમિયાન આપના સગીર ફરઝંદ સૈ. હસન પર નસ્સે જલી ફરમાવી અને ૧૭ માં દાઈએ મુનીર કાઈમ ફરમાવા. આપ મૌલાએ "અલ-મુનીરા ફી માઅરેફતે હુદૂદિલ જઝીરા" નામની કિતાબ તસ્નીફ ફરમાવેલી છે.

તવીલ ઉમ્ર, અલ્લાહતઆલાએ આપને નવાઝેલી હતી. ૮૫ વરસની દરાઝ મુદ્દતની ઉમ્ર શરીફ બાદ આપ મૌલા હિ.૮૦૯ માં ૮મી રમઝાનનાં દિન દારે ફાની માંથી કૂચ કરી ગયા. હિસ્ને ઝમરમરમાં આપ મદફૂન છે. આપ મૌલાના જનાઝાની નમાઝ આપના ફરઝંદ સૈ. હસન બદરૂદ્દીને અદા કરાવી હતી. આપનો લકબ ફખરૂદ્દીન છે. અલ્લાહતઆલાએ આપ મૌલાની નસલમાં બરકત મુકી અને ૭ દોઆતે કિરામે દાઅવતે હાદીયાહની બેલૌસ ખિદમત બજા લાવી. તેમાં સૈ.હસન બદરૂદ્દીન, સૈ.અલી શમ્સુદ્દીન, સૈ.ઈદરીસ ઈમાદુદ્દીન, સૈ. હસન બદરૂદ્દીન, સૈ.હુસૈન હુસામુદ્દીન, સૈ.અલી શમ્સુદ્દીન, સૈ. મોહંમદ ઈઝ્ઝુદ્દીન સાહબ સલવાતુલ્લાહે અલયહીમ અજમઈન શામિલ છે. ★

---

(પેજ નં. ૬ નું બાકી) **રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ની....વસીયત.....**

ઈમામ હુસૈન (અ.સ.) ના ઝરીએ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આપે છે. હમારી ઝિંદગીનો તરીકો હમને આ આઅલા તાઅલીમ પર ઢાલવો જોઈએ જેથી કરીને હમેં હમારા ઔલિયાના હમસીરત અને હમસૂરત બનીએ અને તેઓ હમારાથી રાઝી થાય.

રસૂલેખુદા (સ.અ.વ.વ.) ફરમાવે છેકે, **"તમારી નૈકીના સબબ જો તમારી આલ-ઔલાદ અને પડોશી નૈક બના તો તમારા સાથે એ લોગો પણ જન્નતના હક્કદાર થાશે."** હમેં પણ નૈકીની રાહને ઈખ્તેયાર કરીને હમારી ઝાતને તેમજ હમારા અહલો-અયાલ બાલ-બચ્ચાને જહન્નમની આગથી નજાત બખશીએ. ★

**માલ તો તમારા હોવા યા ન હોવા પર તમારા લોગો દરમિયાન તકસીમ થઈ જાશે અને ઈલ્મ તો તમારા હર અમલને મઝબૂત કરે છે અને જન્નત તરફ લઈ જાવાનો સબબ બને છે.**

**તમેં જોવ કે તમને શું કહેવામાં આવું, તે ન જોવ કે કોણે કહ્યું.**

## -::: ગુલ્શને ફિકહ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

✶ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, બુરામાં બુરો બંદો તે છે જે ગંદો-મૈલો રહે. તેનું ઘર સાફ-સુથરૂં ન હોય. તેનો લિબાસ બરાબર ન હોય. તેની બૈરોમાં સફાઈ કરવાની કોઈ તમીઝ ન હોય. મૌલાના અલી (અ.સ.) રિવાયત બયાન કરે છે કે, તમારા માંથી હરએક ને પોતાના બૈરો વાસ્તે તૈયાર થાવું જોઈએ, આરાસ્તા થાવું જોઈએ, જે મુજબ તમેં એમ ચાહો છો કે તમારી ઝૌજાહ-બૈરો તમારા સામે ખૂબસૂરત લિબાસ પહેરીને, આરાસ્તા-ઝીનતદાર થઈને આવે. **બૈરોને પોતાના શૌહર વાસ્તે જ સઁવરવાનું-ઝીનતદાર થાવાનું ફરમાન છે.** આજે દુનિયામાં જે બદી છે તે એના લીધે જ છે કે બૈરો શૌહર વાસ્તે ઓછા તૈયાર થાય છે મગર ગૈર-નામેહરમ વાસ્તે વધારે પોતાના જિસ્મને ઝીનત બખ્શે છે. ઘરની ઝીનતમાં યા બચ્ચાઓની તાઅલીમો તરબીયતમાં વક્ત સર્ફ કરવાને બદલે, આજે એવા બૈરાઓની કમી નથી જે બાઝારોમાં ફીરવા જાવા વાસ્તેના ઈન્તેઝામમાં ઝિયાદહ વક્તને બરબાદ કરે છે.

✶ આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં ઘરમાં બચ્ચાઓએ જે બીગાડેલું હોય તે જલ્દીથી સાફ કરી દો. બચ્ચાઓના હાથ જો એઠા હોય તો તેને સાફ કરી નાખો. તમારા ઘરની ગંદકી શયતાન ને ઈઝન આપે છે, બરકતને દૂર કરે છે. બચ્ચાના એઠા હાથોને શયતાન સુંઘે છે. આપ નબીએ આઅલા એમ પણ ફરમાન કરે છે કે, જે શખ્સ પોતાના ઘરની ખૈરો બરકત ચાહતો હોય અને રોઝીમાં કુશાદગી-ઝિયાદતી ચાહતો હોય તો એને કહો કે, જે વક્ત જમન હાઝિર થાય તો એના બેવે હાથને બરાબર ધોઈ અને જમના હાથથી લુકમો લઈને જમન જમેં. હાથ ધોઈને અલ્લાહના નામ પર, અલ્લાહની નેઅમતને જે શખ્સ જમો હશે **તેની ઝિંદગીમાં સુકૂન દાખિલ થાશે અને તેની જિસ્માની બલાઓ દૂર થાશે અને હમેશા આફીયતમાં રહેશે.**

✶ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, તમેં જમનને રદ ન કરો, ઝાયેઅ ન કરો, અલ્લાહતઆલાએ આપેલી નેઅમતની બેહુરમતી ન કરો. તમેં હરગિઝ જમવાની ચીઝથી હાથને ન ધોવ. જો આમ કરશો તો નેઅમત ખેંચાઈ જાશે અને તમેં નાદારી-ફકીરીની દેહલીઝ પર આવી જાશો. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) આપના આબાએ કિરામ મૌલા અલી (અ.સ.) ના કલામને ફરમાવે છે કે, જમનને જમતા પહેલા અને જમી રહ્યા બાદ હાથને પાનીથી બરાબર સાફ કરવાથી જમનમાં બરકત થાય છે. તમેં જમી લો તો હાથને બરાબર ચુસો અને **જમનના જેટલા દાના તમારા હાથ પર હોય તેને જમી જાવ.**

✶ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ઘરના ધણી-મૈઝબાન તમામ કરતા પછી હાથ ધોઈ યાઅની એ પહેલા પોતાના બધા મેહમાનોના હાથ ધોવડાવે. જે વાસન-ચિલમચી માં હાથ ધોવાતા હોય તો જહાઁ તક તેનું તશ્ત પાનીથી પૂરૂં ભરાઈ ન જાય ત્યાં તક હાથ ધોવડાવે. જો મહેમાન થોડા હોય તો તશ્તને ઉઠાવવાની જલ્દબાઝી ન કરે, મહેમાનોને બરાબર હાથ ધોવા દે.

✶ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પોતાના અસ્હાબને નઝદીક ગયા અને ફરમાવું કે, **"હબ્બઝલ મોતખલ્લેલૂન"** યાઅની, કેટલા નસીબદાર છે ખિલાલ કરનારાઓ. અરઝ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ, આ ખિલાલ કરવું એટલે શું ? આપે ફરમાવું કે, ખિલાલ યાઅની આંગલાઓ અને નાખૂનોને દરમિયાન ખિલાલ કરવું, એમાંથી મૈલને નીકાલવું અને જમન જમી રહ્યા બાદ ખિલાલ કરવું ઝિયાદહ પસંદીદાહ છે. સબબ કે મુમિનના બે ફરિશ્તાઓ ઉપર આ વાત કરતા કોઈ ચીઝ ઝિયાદહ તકલીફ આપનારી નથી કે, એ ફરિશ્તાઓ મુમિનના દાંતોમાં બચેલું જમન જોઈ યા એના આંગલામાં જમનની એઠાશને જોઈ આ હાલમાં કે એ નમાઝ પઢતો હોય. મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, જમન જમા બાદ ખિલાલ કરતા રહો. ખિલાલ કરવાથી તમે આંગલાઓની બિમારીથી દૂર રહેશો, તમારા દાંત-દાઢમાં સેહત રહેશે અને મુમિનના રિઝકમાં બરકત હાસિલ થાશે. ★

---

*(પેજ નં. ૪ નું બાકી)* ***મહેલ અને બગીચો ....***

ઈખ્તિયાર કરીએ, ઈસ્લામ-ઈમાનની શાનને વધારીએ, હમારા ચહેરાને એક ગુલેગુલઝાર બનાવીએ. જેમ હમારા મૌલાની આન-બાન-શાન દાઢી અને નૂરાની શિક્લના સબબ એક બાદશાહના દરબારમાં ઔજ પર પહોંચી તેમ હમેં પણ હમારા મૌલાની સીરતને અપનાવીએ અને આપ મૌલાના ઝુમ્રામાં શામિલ થઈને અઝીમુશ્શાન બાદશાહ આ કાએનાતના શહેનશાહ અલ્લાહતઆલાની નઝરમાં મેહબૂબ બનીએ, કરીબ થઈએ. ★

**કોઈ પણ જગા પર હોવ તમેં અલ્લાહના અઝાબથી ડરતા રહેજો.**

# -::: કલામુલ્લાહ અને પરિક્ષા :::-

માર્ચ-એપ્રિલ મહીનો આવે એટલે બચ્ચાઓના ચહેરા પર ટેન્શન આવી જાય છે. દિમાગના તાર હલાવી નાખે એ મુજબ સ્કૂલના ઈમ્તેહાન - Exams અને ટયૂશનના Assignments ને પૂરા કરવાનો બોઝ હોય છે. બચ્ચાઓ સાથે માઁ-બાપની પણ Left-Right થાય છે અને પોતે ભણી રહ્યા બાદ પણ હવે ભણાવવા વાસ્તે રાતોના ઉજાગરા બચ્ચાઓ સાથે કરવા પડે છે. Competition અને Merit નો ઝમાનો છે, જો હમણા આ બે મહીનામાં મહેનત ન કરે તો બચ્ચાના ખરાબ Result ની ફિકર સતાવે છે.

બાઝ વક્ત વાલેદૈન પોતાના બચ્ચાથી એની તાકત કરતા વધારે પડતી ઉમ્મીદ રાખે છે. બીજા બચ્ચાઓનું ભણતર અને હુશિયારી જોઈને પોતાનું બચ્ચું પણ એમ જ કરી બતાવે એવી ગૈરઝરૂરી ઉમ્મીદ વાલેદૈન પોતાના બચ્ચાથી રાખે છે જેથી પરિક્ષાની ફિકરને સાથે સાથે વાલેદૈનની આવી ગૈરવાજબી ઉમ્મીદ ને પૂરૂં કરવાનું Tension પણ બચ્ચા પર વધી જાય છે. હરએક બચ્ચું એક અલગ શખ્સીયત ધરાવે છે. હરએકની ઝહેની કાબિલીયત, યાદ રાખવાની તાકત અને એ મુજબ આગલ વધવાની સુલાહીયત અલગ-અલગ હોય છે. અલ્લાહતઆલાએ તમામ ઈન્સાનને ઝહેન-અકલથી નવાઝેલા તો છે જ પણ એને ઈસ્તેમાલ કરવાની તાકત તમામમાં અલગ-અલગ છે. કોઈ એમ તો ચાહે જ ના કે એ ઈમ્તેહાનમાં નાપાસ થાય, હર કોઈને ઉમ્મીદ હોય કે તેનું Exams માં Performance બેહતર થાય અને એ સર ઉઠાવીને બીજાને આગલ પોતાના Percentage ઝાહિર કરી શકે. લેહાઝા વાલેદૈન એ ચીઝ તરફ ધ્યાન આપે કે પોતાનું બચ્ચું પૂરી લગન અને દિલથી ઈમ્તેહાન વાસ્તે તૈયારી કરે છે કે નહીં ! ના કે એને એહસાસ અપાવે કે એને પહેલા નંબરે જ પાસ થવાનું છે યા Distinction જ લાવવાનું છે યા ૮૦ % થી ઉપર માર્કસ લાવવાના છે. ઘણી વાર આ મુજબ બોલ-બોલ કરવાથી બચ્ચાના ઝહેન પર ખરાબ અસર પૈદા થાય છે અને એની ઈમ્તેહાનની તૈયારીમાં Concentration માં ખલલ પડે છે.

આ ઝિક્ર થઈ ઈમ્તેહાનને વક્ત વાલેદૈનની પોતાના બચ્ચાને વાસ્તે મદદ અને બચ્ચાની ખુદની તૈયારીની. હવે થોડી કલામુલ્લાહથી પણ બરકત લેવાની વાત કરીએ. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ઉપર જે વક્ત કુરઆને કરીમની મોટી મોટી સૂરતો નાઝિલ થાવા લાગી તો આપના દિલમાં તેને ભુલી જાવાનો ખૌફ પૈદા થયો. તે વક્ત અલ્લાહતઆલાએ આપના પર સૂરતુલ આઅલા **"સબ્બેહિસમા રબ્બેકલ આઅલા"** નાઝિલ ફરમાવી જેમાં **"સનુકરેઓકા ફલા તન્સા"** ની આયત છે, જેની માઅના એમ થાય છે કે, હમેં આપને બરાબર પઢાવીશું જેથી આપ ભુલી ન જાવ. જિબ્રઈલ (અ.સ.) તિલાવત કરતા તો આપ (સ.અ.વ.વ.) પણ તેને સાથે સાથે પઢવામાં જલ્દી કરતા તો અલ્લાહતઆલા હુકમ કરે છે કે, **"અય રસૂલુલ્લાહ ! આપ જલ્દી ન કરો. હમેં આ કુરઆનને આપના દિલમાં સાબિત રાખીશું જેથી આપ કોઇ વક્ત નહીં ભૂલો."**

આ આયત "સનુકરેઓકા ફલા તન્સા" ને ઈમ્તેહાનનાં અય્યામમાં પઢવાથી ગહેરી તાસીર અને તેઝ ઝહાનત પૈદા થાય છે. જો કોઈને બરાબર યાદ ન રહેતું હોય યા ઈમ્તેહાન દૌરાન ફિકરના સબબ યાદ કીધેલું તરત ઝહેનમાં ન આવતું હોય તો કુરઆનની આ આયતની રાતે સુતા પહેલા યા ઈમ્તેહાન વક્ત પેપર લખતા પહેલા જેટલી વાર પઢી શકાય એટલી વાર પઢવી જોઈએ. ઈન્શાઅલ્લાહ બિલ-યકીન આ પાક અમલ કરવાથી પેપર લખવામાં રાહત રહેશે, ઝહેન તરો તાઝા રહેશે અને હર મુશ્કિલ આસાન થઈ જાશે. મુમેનીનને નઝદીક બીજો કારગર નુસ્ખો એ પણ છે કે, ઈમ્તેહાનના અય્યામ શુરૂ થાતા પહેલા પોતાના બચ્ચાઓને **દોઆતોની કુબૂર પર ઝિયારત** વાસ્તે લઈ જાય, ફાતેહા-ખ્વાની કરે, સૂરએ યાસીન પઢે અને સાથે એક પાનીની બોટલ લઈ જાય. ઈમ્તેહાન દૌરાન થોડી-થોડી મિકદારમાં કુબૂર પરથી ઉતારેલું તે બાબરકત પાની બચ્ચાઓને પીવડાવે. જે કલમ-પેનથી બચ્ચું ઈમ્તેહાન આપવાનું હોય તે કલમને યા તો સાહબે દાઅવત નઝદીક આવીને **બરકતની ફૂંક** મરાવે યા દોઆતોની કુબૂર પર તે કલમને મુકીને બરકત હાસિલ કરે. હમારા દોઆતે એઝામ હમારા વાસ્તે હર વક્ત મુશ્કિલકુશા, ઉકદાકુશા અને ઈલ્મો હિકમતના દરવાઝાઓને ખોલનાર છે. ઈમ્તેહાનની આસાની અને તાઅલીમની કામિયાબી વાસ્તે જો દોઆતોનો વસીલો શામિલ હોય તો એ તાઅલીમ ઝરૂર પરવાન ચઢે છે અને તેના નૂરથી બચ્ચાની ઝિંદગી મુનવ્વર થાય છે. ★

**એક ઝમાના પછી બીજો ઝમાનો આવતો રહેશે, મગર આવનાર ઝમાનો ગુઝરનાર ઝમાના કરતા બદતર હશે.**

## -::: મગજનો મુરબ્બો :::-

નાઝેરીનથી હમારો ઈલ્તેમાસ છે કે, નીચે આપેલી તરકીબ (ક્રોસવર્ડ)“મગજનો મુરબ્બો” ને સહી તૌર પર પૂરો કરી તેને **પોસ્ટ કાર્ડ** પર લખી યા **રૂબરૂ** આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેઓના જવાબો સહી હશે તેમનો ડ્રો ૨૦મી તારીખ પછી કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તેને હમેં આવતા શુમારામાં ઝાહિર કરીશું અને હદીયાથી નવાઝીશું. આ સાથે હમેં સહી જવાબો પણ કારેઈનને બતાવીશું. પોસ્ટકાર્ડ લખનાર પર લાઝિમ છે કે તે પોતાનું નામ, સરનામું અને ફોન નંબર સાફ હુરૂફમાં લખીને મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને હદીયાને પામવાની રેસમાં તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| ૬ | | | | ૭ | |
| | | | | | |
| | | ૯ | | ૧૦ | |
| | | | | | |
| ૧૩ | | | ૧૪ | | |

**ઊભી તરકીબ :**

(૧) મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના વસી. (૩)
(૨) પેટ, બતન. (૩)
(૩) કસીદો, સના. (૫)
(૪) ભૂલ, કોતાહી. (૨)
(૫) આવડત, હુશિયારી.(૪)
(૧૦) ઈન્નલ્લાહા અલા કુલ્લે શૈઈન -- (કુદરતવાલો). (૩)
(૧૧) આફત, બલા, બિમારી. (૨)
(૧૨) આખેરત જો બાકી રહેનારી છે તો દુનિયા શું છે. (૨)

**આડી તરકીબ :**

(૧) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અજદાદ (બાવાજીના દાદાજી) જેના નામથી આપનો કબીલો મશહૂર થયો. (૩)
(૪) ઝુકવું, નમવું, ----થવું. (૨)
(૬) ઈસ્લામના સાત અરકાનમાંથી વલાયતનો ---- સૌથી અહમ છે. (૩)
(૭) કુરઆને કરીમની ૨૦ મી સૂરત જે રસૂલુલ્લાહ બાવાજીના નામો માંથી એક નામ છે. (૨)
(૮) જમનની લઝ્ઝત ---- બગૈર, અધુરી છે. (૩)
(૯) રોઝી જો હલાલ તરીકાથી મીલી હશે તો તેમાં ---- હશે. (૪)
(૧૧) જે શખ્સ આ દુનિયામાં આવો તેને ------- થાવું પડશે. (૩)
(૧૩) બુનિયાદ નાખનાર. (૨)
(૧૪) શદ્દાદ બિન આદે બાગે ----- બનાવો હતો. (૩)

➡ **ગયા શુમારાની તરકીબનો ખુલાસો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈ | ક | બા | લ | | મો |
| તા | વી | લ | | નૂ | હ |
| અ | | | બ | રા | ત |
| ત | આ | મ | | ની | ર |
| | મી | | ક | | મ |
| ઈ | ન | તે | ઝા | મ | |

## -::: ખુશખબર :::-

**હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઈ સ્પેશીયલ આઈટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત-Advertisement “અલ-હાદી” અખ્બારમાં આપી શકશે. Advertisement ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઈએ.**

**ઝાહેરાતની સાઈઝ : 3 x 2 Inches**

**3 મહીના : 150/- Rs.**

**6 મહીના : 300/- Rs.**

**1 વરસ : 600/- Rs. ★**

## -::: નમાઝની ૭ (સાત) વજેહ છે :::-

**(૧) ફરઝ, સુન્નત અને નાફેલતની નમાઝ**
**(૨) જોમ્આની નમાઝ.**
**(૩) બે ઈદોની નમાઝ.**
**(૪) ખૌફની નમાઝ.**
**(૫) ગ્રહણની નમાઝ.**
**(૬) વરસાદ માંગવાની નમાઝ.**
**(૭) જનાઝાની નમાઝ.**

**તીન દિન કરતા વધારે કોઈ મોમિન એના ભાઈ સાથે ન બોલે તો તેને વાસ્તે એ હલાલ નથી.**

## -::: કુરઆને કરીમની તફસીર ની હકીકત :::-
## અહલે બૈત (અ.સ.) ની ઝબાની

કુરઆને કરીમ ઈલાહી કિતાબ છે; તમામમાં મુન્ફરિદ, બેમિસાલ અને આસમાની કિતાબોને જમાઅ કરનારી. અલ્લાહતઆલાએ આસમાન અને ઝમીનને દરમિયાન અને એને સિવાય કોઈ ચીઝ એવી છોડી નથી જેને કુરઆન માં સમાવી ન હોય. કુરઆનને તરતીલ અને ઈલ્હાન સાથે પઢવાની જેટલી રગબત આવેલી છે તેટલો જ હોંશ તેને હિફઝ કરવામાં આવેલો છે. હિફઝનો મતલબ છે એને જાલવવું. Memorize કરવું યા ઝહેનનશીન કરવું અને જરૂરત મુજબ તેને પઢવું. આ એક માઅમૂલી સમઝ છે પણ હિફઝ કરવું યાઅની કુરઆનના મતલબ અને માઅનાને દિલમાં બરાબર ઉતારી તેને પર અમલ કરવું છે. હાફિઝ હકીકતમાં એને જ કહેવાય કે જે કુરઆને કરીમની હિદાયત પર ચાલી બદીથી પોતાની ઝિંદગીની હિફાઝત કરે અને અંધારામાં આ નૂરાની ચિરાગને જલાવી તેના દિલ-દિમાગ અને ઝહેનને રૌશન કરે. કુરઆને કરીમમાં ઈરશાદે ખુદાવંદી છે કે, "શું તેઓ કુરઆને કરીમ પર તદબ્બુર-તફક્કુર નથી કરતા યા શું એ લોગોના દિલો પર તાલા વાગી ગયા છે ?" કુરઆને કરીમ તો ફિકર અને ગૌરોખૌઝ કરવાવાલાઓ વાસ્તે એક આઅલા અને અફઝલ કિતાબ છે, જેમાં આલમની પૈદાઈશથી એના ફના થાવા તકની તમામ ચીઝોનું બયાન થયેલું છે. **કુરઆને કરીમની એક આયત સમઝીને પઢવામાં ઝિયાદહ સવાબ છે; એ કિરાત કરતા કે જે પોપટની બોલી જેમ પઢવામાં આવે.**

આલે મોહંમદ (સ.અ.વ.વ.) જે કુરઆનના કરીન (જોડકા) છે તે તમામ થી બેહતર કુરઆનને સમઝેલા છે અને તે સબબ તેઓ કુરઆનના જોડીદાર અને તેના મુફસ્સિર છે. કુરઆન પોતે એક અબોલ (સામિત) કિતાબ છે જેના સબબ તેને બોલાવનારની ઝરૂરત છે કે, જે તેના મઆનીને બયાન કરે. આલે મોહંમદ સલવાતુલ્લાહે અલયહિમ કુરઆને નાતિક (બોલતા કુરઆન) છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝુર્રીયતે તાહેરામાંથી જે નસ-બ-નસ અઈમ્મતે તાહેરીન (અ.સ.) નો સિલસિલો જારી થયો, એ તમામ પોતાના ઝમાનના બોલતા કુરઆન છે. આપ સર્વે મુમેનીનની નફસોના તબીબ અને હકીમ છે અને અક્લો સમઝના મેઅયારનું બાખૂબી ઈલ્મ રાખે છે. કુરઆને કરીમમા ઝિયાદહ તર બે તરહની આયતો છે એક મોહકમાત અને બીજી મોતશાબેહાત. મોહકમાત આયતો અલ્લાહના ફરમાન, અમર અને એહકામને સાફ-સુથરા લફઝોમાં બયાન કરે છે અને અંબિયા (અ.સ.) ના કિસ્સાઓ તેમજ આગલી ઉમ્મતોના હાલાત અને અંજામ આ આયતોમાં શામિલ હોય છે. મોતશાબેહાત આયતો કુરઆનનું બાતિની બયાન કરે છે કે જે મોહતાજે તફસીર હોય છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં જ ફરમાવે છે, **"હર ચીઝનું ઝાહિર અને બાતિન છે અને હમેં તમામ ચીઝોના જોડકાં બનાવેલા છે."** હવે જે કોઈ બાતિનને મુકીને કુરઆનની ઝાહિરી માઅના પર અમલ કરે અને ઝાહિરને મુકીને ફક્ત કુરઆનની બાતિની માઅના પર અમલ કરે તો તે ઝાલિમ અને જાહિલ છે અને એની ઈબાદત કુબૂલ થાનાર નથી. તેથી જ આલે મોહંમદ (સ.અ.વ.વ.) એ કુરઆને કરીમની હર આયતે શરીફાની તફસીર, માઅના, મતલબ અને સમઝ ઝાહિર અને બાતિનના પૈરાયામાં આપી છે. અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદા મુજબ કુરઆનની તફસીર કરવાનો હક્ક તે શખ્સને છે કે જે એ પોતાના ઈમામ તરફથી યા તો ઈમામના હુદૂદ અને દોઆત તરફથી શરએ મોહંમદી અને કુરઆનના નુઝૂલનું ઈલ્મ હાસિલ કીધું હોય. ★

(બકીયાહ આવતા શુમારામાં)


<u>સાલાના લવાઝેમાત</u> (<u>Yearly Subscription</u>)

**રૂા. ૬૦/- (પોસ્ટેજ સાથે)**

મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,

વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.

ખિદમતગુઝાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**

(નફીસ, મુંબઇ) ફોન : ૯૮૨૦૮૩૮૮૨૪. ★